# -: ઊસૂલે શરીઅત :-

હ. આદમ (અ.સ.) અલ્લાહતઆલા તરફથી જે અહકામ લઈને આવા તેને મન્સૂખ કરનાર મિટાવનાર આપ પછી આવનાર નબી હ.નૂહ (અ.સ.) છે. નૂહ નબી (અ.સ.) નવી શરીઅત લઈને આવા જેથી આદમ નબીની નુબુવતના અહકામ પર પડદો પડી ગયો, મગર તમામ અંબિયા (અ.સ.) ની શરીઅતની બુનિયાદ અલ્લાહની વહદાનીયત પર કાઈમ થઈ છે. નૂહ નબી ઊલુલ અઝમના પહેલા નબી છે, જેએ બહુકમે ઈલાહી નવી શરીઅત તરફ લોગોને દાઅવત આપી. આપે સફીના (કિશ્તી) ને, બીજા નબી ઈબ્રાહીમ (અ.સ.) એ કાઅબતુલ્લાહને, તીસરા નબી મુસા (અ.સ.) એ અસા (ડાંગ) ને, ચોથા નબી ઈસા (અ.સ.) ને સલીબ (ક્રોસ) ને અને પાઁચમા તેમજ આખરી નબી મોહંમદુર્રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ લા ઈલાહા ઈલ્લલ્લાહ ને અપની અપની શરીઅતના ઊસૂલ બનાવા અને એની તરફ લોગોને દાઅવત કીધી અને ફરમાવું કે, "જે શખ્સ લા ઈલાહા ઈલ્લલ્લાહ મોહંમદુર્રસૂલુલ્લાહ કહેશે તો એ મુસલ્માન થઈ ગયો, એનું ખૂન અને માલ મહેફૂઝ થઈ ગયો. અને જે શખ્સ આ કલેમાને ઈખ્લાસ સાથે પઢશે તો એ જન્નતમાં દાખિલ થાશે. ઈખ્લાસનો મતલબ એ કે તેના હુદૂદની માઅરેફત કરે અને તેના હુકૂક ને અદા કરે." ★